ક્રિ. પ.અ.નં. ૧૫૦/૨૦૨૩

**-:આંક :૧ હેઠળ હુક મ :-**

(૧) આ કામના અરજદાર : સંગીતાબેન ઉદાભાઈ ડામોર નાઓએ આ કામના સામાવાળા : ઉદાભાઈ થાનાભાઈ ડામોરનાઓ પાસેથી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે પરચૂરણ ફોજદારી અરજી નં.૧૦૩/૨૦૧૪ ની દાખલ કરેલ જે અન્વયે કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારોની ચડત ભરણપોષણ તથા ઘરભાડા પેટેની રકમ વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી મુજબ અરજદારે સામાવાળા પાસે ઘરભાડા પેટે ૧૨ માસની કુલ રકમ રૂા.૬,૦૦૦/-(અંકે રૂપિયા છ હજાર પુરા) અને ભરણપોષણના બાર માસની કુલ રકમ રૂા. ૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર) પુરા મળી કુલ રૂા. ૧૮૦૦૦/-પુરા ચૂકવી આપે અગર તેની હરકોઈ પ્રકારની જાત મિલકતમાંથી વસુલ લઈ અપવાવા અગર સામાવાળા નામદાર કોર્ટના હુકમનો અનાદર કરે યોગ્ય નશ્ચત કરવા અરજ કરેલ છે.

(૩) અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં તેઓને આંક- ૪ વાળી નોટીશ બજી ગયેલ હોવા છતા તેઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી.

(૪) અરજદાર પક્ષે વિ.વશ્રી.ને સાંભળ્યા.અરજદાર પક્ષે થયેલી રજુઆતો ધ્યાને લેતાં ફો.પ.અરજી નં.૧૦૩/૨૦૧૪ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને ભરણપોષણની રકમ ચુકવવાની સામાવાળાની ફરજ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમીનલ રીવીજન અરજી નં. ૨/૦૮ ના કામે ઠરાવેલ છે કે, ભરણપોષણ હેઠળહુકમ કરવા માટે હકુમત ધરાવતા

મેજીસ્ટ્રેટને ભરણપોષણની રકમ નહી ભરનારને ક્રી. પ્રો.કોડની કલમ–૧૨૫(૩) હેઠળ દરેક એક માસના ડીફોલ્ટ માટે ત્રીસ દિવસની કેદની સજા કરવાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં સામાવાળા રઉદાભાઈ થાનાભાઈ ડામોર નાઓએ અરજદારને ભરણપોષણ પેટે કે ઘરભાડા પેટે હુકમ મુજબની કોઈ રકમ ચુકવી આપેલ નથી. એટલે કે ૧૨ માસની ચડેલ ભરણપોષણની રકમ અને ઘરભાડા પેટેની ભરપાઈ કરવા માટે ડીફોલ્ટ થયેલ છે. સામાવાળાએ અરજદારનુ ભરણપોષણ કરવાની પણ જવાબદારી છે અને ભરણપોષણથી તેઓ વંચિત રહેલ છે અને સામાવાળા ભરણપોષણની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે તેવા સં જોગોમાં સામાવાળાની વર્તણુંક તથા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ હાલના કેસના સંજોગો સાથે પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમી. રીવીજન અરજી નં.૨/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદો ધ્યાને લેતાં તથા બંને પક્ષેની રજુઆત ધ્યાને લઈ આ કામના સામાવાળાને બાર માસના કસુર બદલ દિન–૨૦ લેખે સજા કરવાનુ યોગ્ય અને ન્યાયી લાગતા નીચે મુજબનો હુકમ કરુ છુ.

–// હુકમ //–

૧. આ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા : ઉદાભાઈ થાનાભાઈ ડામોર, રહે: મોટી પંડુલી, તા. મેઘરજ, જી. અરવલ્લીનાઓએ અરજદારને ઘરભાડા પેટે ૧૨ માસની કુલ રકમ રૂા.૬,૦૦૦/–(અંકે રૂપિયા છ હજાર પુરા) અને ભરણપોષણના બાર માસની કુલ રકમ રૂા. ૧૨,૦૦૦/– (અંકે રૂપિયા બાર હજાર) પુરા મળી કુલ રૂા. ૧૮૦૦૦/–પુરા અરજદારને ચૂકવવામાં નિષ્ફળ જતાં તેઓને એક માસ ની ચડેલ ભરણપોષણની તથા ઘરભાડા પેટેની રકમ ચૂકવવાનાં કસુર બદલ દિન–૨૦

લેખે ૧૨– માસના કુલ–૨૪૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા નો હુકમ કરવામાં આવે છે.

૨. સામાવાળા વિરૂધ્ધ જેલ વોરંટ ઈસ્યુ કરવું.

૩. સદરહુ જેલ વોરંટની યોગ્ય અમલવારી કરી અત્રેની કોર્ટને રિપોર્ટ કરવા અંગેની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

૪. જો સામાવાળા બાકી ચડત ભરણપોષણની રકમ તથા ઘરભાડાની રકમ અરજદારને ચૂકવી આપે તો તેને સત્વરે મુકત કરવો અને તેની જાણ અત્રેની અદાલતને ત્વરીત કરવી. તે સંબંધે જેલરશ્રીને અલગથી યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૭ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : મેઘરજ
તા.૭ /૦૪/૨૦૨૬

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સીવીલ જજ અને
જ્યુ.મેજી.ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮